## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગયા વર્ષે નવરાત્રીનાં વેકેશન માટે ટેન્શન કરતી હતીને... આ વખતે નવરાત્રી પોતે જ વેકેશન મનાવશે...

# પ્રધાનમંત્રીના સંભવિત કાર્યક્રમને પગલે તંત્ર તૈયારીઓ આરંભાઈ

**સરદાર જયંતિ નિમિત્તે પી એમના ગાંધીનગર આગમનને અનુલક્ષી ચ-૦ થી ઇન્દિરાબ્રિજ માર્ગ પર સફાઇ રંગરોગાન : જો કે પ્રધાનમંત્રીના કાર્યક્રમને અનુલક્ષીને હજુ કોઇ સત્તાવાર જાહેરાત થઇ નથી પરંતુ વહીવટી તંત્ર દોડતુ થઇ ગયુ**

ગાંધીનગર તા ૧૫

આગામી તા ૩૦ અને ૩૧ ઓકટોબરના રોજ પ્રધાનમંત્રીના ગુજરાત મુલાકાતના સંભવિત કાર્યક્રમને અનુલક્ષી હાલ તંત્રની ટીમ કામે લાગી છે. પ્રધાનમંત્રીના રૂટને અનુલક્ષી એરપોર્ટથી ઈન્દિરાબ્રિજ અને રાજભવન તરફના માર્ગ પર સફાઈ અને વૃક્ષાને ગેરુ ચુનો કરવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. આ માટે તંત્ર દ્વારા ૫ ટીમો કામે લગાડવામાં આવી છે. વહીવટી તંત્ર પણ દોડતુ થઈ ગયુ છે.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ઉજવણી અન્વયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે. જયારે પ્રધાનમંત્રી રાત્રિ રોકાણ પણ રાજભવન ખાતે કરશે. પ્રધાનમંત્રીના ગુજરાત મુલાકાતના આ સંભવિત કાર્યક્રમને અનુલક્ષી જિલ્લા વહીવટી તંત્ર પણ કામે લાગી ગયુ છે. તંત્રના અધિકારીઓમાં પણ બેઠકનો દૌર શરૂ થઈ ગયો છે. જયારે કોરોનાકાળ દરમિયાન પણ કન્ટેન્મેન્ટ એરિયાને અનુલક્ષીને પણ આનુસંગિક બાબતોની કાળજી રાખવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે આરોગ્યતંત્રને પણ પ્રધાનમંત્રીના સંભવિત કાર્યક્રમને અનુલક્ષી સ્ટેન્ડ ટુ રહેવા માટે સુચના આપવામાં આવી છે. જો કે હજુ પ્રધાનમંત્રીના આગમનને બે સપ્તાહ જેટલો સમય બાકી છે. ત્યારે પોલીસ તંત્ર સહીત અન્ય સલામતી એજન્સીઓએ પણ તેમનુ કામ શરૂ કરી દીધુ છે. બીજીતરફ વડાપ્રધાનના રૂટમાં અત્યારથી જ સફાઇ સહીતની કામગીરી માટે પણ તંત્ર કામે લાગી ગયુ છે. એરપોર્ટ થી ઈન્દિરાબ્રિજ થઈને જ માર્ગ પર રાજભવન સુધીના બન્ને માર્ગોની આજુબાજુ સફાઈનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે આ વિસ્તારમાં નીલગાયનો ત્રાસ પણ વધુ હોવાથી તેને દુર કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જો કે પ્રધાનમંત્રીના આગમન અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી પરંતુ પ્રધાનમંત્રીના સંભવિત કાર્યક્રમને અનુલક્ષીને તકેદારીના ભાગરૂપે વિવિધ વિભાગો દ્વારા જરૂરી પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના કાયદ વિભાગે ૧૮ જેટલા અધિકારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવાના હુકમો કર્યા છે.
- રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ માટેનો ત્રીજો અને અંતિમ તબક્કો ૧૫ થી ૧૮ ઓક્ટો. દરમ્યાન યોજાશે.
- ગાંધીનગર જિલ્લામાં ધીમી ગતિએ મગફળીની આવક માર્કેટયાર્ડોમાં શરૂ થઈ છે.
- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણને લઈ થયેલ કામગીરીની આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળનારી બેઠકમાં સમીક્ષા થશે.
- રાજ્ય વિધાનસભાની ૮ બેઠકોની પેટા ચૂંટણીમાં ઉમેદવારીપત્રો ભરવાનો આજે અંતિમ દિવસ હોવાથી પાટનગરના રાજકીય પ્રવાહો ઉત્તેજીત બની રહ્યા છે. આ જંગ સીધો જામશે કે બહુકોણીય થશે તેને લઈ ચર્ચાઓ તેજ બની છે.
- ગુજરાત સ્ટેટ વર્કસ ફેડરેશન, એસ.ટી. કર્મચારી મહામંડળ અને ભારતીય મજદૂર મહાસંઘના નેતાઓએ ૨ નવે. સુધીમાં એસ.ટી.નિગમના કર્મચારીઓના પ્રશ્નનો ઉકેલ નહિ આવેતો તબક્કાવાર આંદોલનની ચીમકી આપતો પત્ર નિગમના અધિકારીઓને લખ્યો છે.

# શહેરની ગૃહિણીઓએ દિવાળી સફાઈ કામનો પ્રારંભ કર્યો

ગાંધીનગર, તા. ૧૫

એક તરફ શહેરમાં નવરાત્રી ઉત્સવ શરૂ થવા જઈ રહ્યો છે, જો કે આ વર્ષે નવરાત્રી 'ગરબા વિહીન' યોજાવાની હોવાને કારણે નાગરિકોમાં તેનો ઉત્સાહ નથી અને બીજી તરફ શહેરની ગૃહિણીઓએ 'દિવાળી કામ'નો પ્રારંભ કરી દીધો છે. શરદ ઋતુના સંતાપ સાથે નીકળતો તાપ દિવાળી કામમાં અનાજ, કપડાં, ગાદલાં તપાવવા કે ધોયેલા વાસણો સહિતની ચીજવસ્તુઓને સુકવવા આ તડકો ખુબજ ઉપયોગી નીવડતો હોવાથી તેનો ઉપયોગ કરી લેવાનુ મુનાસિબ માનીને ગૃહિણીઓએ દિવાળી ઘરકામનો પ્રારંભ કરી દીધો છે.

દિવાળી આવે એટલે પહેલા આખા ઘરને સાફ-સૂફ કરી, કપડાં, ગાંદલા, ઓશિકા, રઝાઈ વગેરેને ખંખેરી તેની ખોળો ધોવા સાથે તપાવવાના, માળિયા સાફ કરી તેમાં રાખેલી ચીજવસ્તુઓની સફાઈ કરવી, અનાજ-ધાનને તપાવવુ જેવા કાર્યો ગૃહિણીઓ દ્વારા હાથ ધરવામાં આવે છે. આ કાર્યો માટે સતત સારા તડકાની જરૂર પડે છે અને શરદઋતુમાં ખિલી ઉઠતો ભાદરવાનો તડકો તેના માટે ઉત્તમ ગણાય છે. જો કે આ વર્ષે ભાદરવો પછી અધિક માસ આવ્યો હોવાથી શરદનો સંતાપ હવે ખિલ્યો છે જેનો લાભ ઉઠાવી ગૃહિણીઓએ દિવાળી સાફસૂફીના ઘરકામનો પ્રારંભ કરી દીધો છે.

## ગાંધીનગરમાં નેશનલ રિસાયક્લિંગ ઓથોરિટીનું કાર્યાલય શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫

એક સર્વોચ્ચ સંસ્થા તરીકે, ડીજી શિપિંગ શિપ રિસાયક્લિંગને લગતી તમામ પ્રવૃત્તિઓનું સંચાલન, નિરક્ષણ અને દેખરેખ માટે અધિકૃત છે. ડીજી શિપિંગ શિપ રિસાયક્લિંગ ઉદ્યોગના વિકાસની દેખરેખ કરશે, જે પ્રર્યાવરણને અનુકૂળ ધોરણો અને શિપ રિસાયક્લિંગ ઉદ્યોગમાં કાર્યરત હિસ્સેદારો માટે સલામતી અને આરોગ્યના પગલાંની દેખરેખ રાખશે. શિપ-રિસાયક્લિંગ યાર્ડના માલિકો અને રાજ્ય સરકારો દ્વારા આવશ્યક વિવિધ મંજૂરીઓ માટે ડીજી શિપિંગની આખરી સત્તા રહેશે.

ગુજરાતના ગાંધીનગર ખાતે નેશનલ ઓથોરિટી ઓફ શિપ રિસાયક્લિંગની સ્થાપના કરવામં આવશે. આ નિર્ણયથી ગુજરાત અલંગમાં સ્થિત શિપ રિસાયક્લિંગ યાર્ડના માલિકોને ફાયદો થશે જેને એશિયાના સૌથી મોટા શિપ બ્રેકિંગ અને શિપ રિસાયક્લિંગ ઉદ્યોગનું ઘર માનવામાં આવે છે.

શિપ રિસાયક્લિંગ એક્ટ, ૨૦૧૯ હેટળ ભારતે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠ્ઠન (આઈએમઓ) હેઠળ શિપ રિસાયક્લિંગ માટે હોંગકોંગ કન્વેશન સ્વીકાર્યુ છે. ડિરેક્ટર જનરલ શિપિંગ ભારતના આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠ્ઠનના પ્રતિનિધિ છે અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠનના તમામ સંમેલનો ડીજી શિપિંગ દ્વારા લાગુ કરવામાં આવી રહ્યા છે.



કૃષિ શિક્ષણના ખાનગીકરણની કવાયત સરકારે હાથ ધરી છે ત્યારે ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલય છાત્ર સંઘ તેનો વિરોધ કરી રહ્યો છે. છાત્ર સંઘના સભ્યોએ આ મામલે બલરામ ભવન ખાતે દેખાવો યોજયા હતા.

# કોરોના વચ્ચે રાજયએ ટુરિઝમ માટે નવીન પગલાઓ લીધા

**ટુરિઝમ પોલિસીને આધુનિક લૂક આપીને હેરિટેઝ ટુરિઝમ પોલિસીનો નવો કોન્સેપ્ટ ગુજરાતે દેશને આપ્યો**

દેશના તમામ રાજ્યોના ટૂરિઝમના મંત્રીઓની બેઠક કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન રાજ્યમંત્રી પ્રહલાદસિંહ પટેલના અધ્યક્ષ સ્થાને વિડિઓ કૉન્ફરન્સના માધ્યમથી આજે યોજાઈ હતી. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન રાજ્યમંત્રી પ્રહલાદ સિંહ પટેલે ગુજરાત ટૂરિઝમના નવા પગલાની પ્રસંસા કરીને ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ બેઠકમા ગુજરાતના રાજ્ય કક્ષાના પ્રવાસન મંત્રી વાસણ આહીરે સહભાગી થતાં જણાવ્યું હતુ કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત ટૂરિઝમને વિશ્વ સ્તરે પહોચાડ્યું છે, ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત ટૂરિઝમે ટોચનું સ્થાન મેળવ્યું છે. કોવીડ-૧૯ના કારણે પ્રવાસન ઉદ્યોગ સામેના પડકારો અને તે અંગે રાજ્ય સરકારે લીધેલ પગલા અંગે મંત્રી આહિરે જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં પ્રવાસન મંત્રી વાસણ આહીરે જણાવ્યું હતુ કે, ×કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા× ગુજરાતે ટુરિઝમ સેક્ટરમાં અનેક નવીન પગલાઓ લીધા છે. ટુરિઝમ પોલિસીને આધુનિક લૂક આપીને હેરિટેઝ ટુરિઝમ પોલિસીનો નવો કોન્સેપ્ટ દેશને આપ્યો છે. ગુજરાતનું પ્રવાસન-ટૂરિઝમ સેક્ટર વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસો દ્વારા વધુને વધુ રોજગારી આપતું સેક્ટર બનાવવું છે. હોમ સ્ટે પોલીસી દ્વારા લોકો ગુજરાતની સંસ્કૃતિથી પરિચિત થાય અને સ્થાનિક રોજગારી મળે તે માટેના પ્રયાશો હાથ ધરવામાં આવ્યા છે. પ્રવાસન મંત્રી વાસણ આહીરે જણાવ્યું કે, ગુજરાતના લોકોની વર્ષોથી અપેક્ષા હતી કે ગિરનાર પર્વત પર રોપવેની સુવિધા મળે જેથી લોકો સરળતાથી ગિરનાર પર્વતની મુલાકાત લઈ શકે તે કામ આજે પૂર્ણતાના આરે છે.

# સરકારની મા અમૃત્તમ કાર્ડ યોજના બંધ કરાશે જ નહીં

**રાજય સરકારની મહત્વાકાંક્ષી એવી મા અમૃતમ કાર્ડની યોજના ને રાજયવ્યાપી વ્યાપક જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે**

રાજયના આરોગ્ય કમિશ્નર જયપ્રકાશ શિવહરે એ જણાવ્યુ છે કે,રાજય સરકાર દ્વારા અમલી મા અમૃત્તમ કાર્ડની યોજના બંધ નહી થાય.સોશ્યલ મીડિયાના માધ્યમ દ્વારા ×મા અમૃતમ કાર્ડ× બંધ થાય છે એવા મેસેજ વાયરલ થયા છે એ મેસેજ તદન સત્યથી વેગળા છે. તેમણે ઉમેર્યુ કે,ગરીબ અને મધ્યમ પરિવારના નાગરિકોને ગંભીર બીમારી સામે આર્થિક રીતે મદદરૂપ થવા માટે શરૂ કરાયેલ રાજય સરકારની મહત્વાકાંક્ષી એવી ×મા અમૃતમ કાર્ડ×ની યોજના ને રાજયવ્યાપી વ્યાપક જનપ્રતિસાદ સાપડી રહ્યો છે ત્યારે આ યોજના બંધ કરવામા આવનાર છે એવા ખોટા મેસેજ સોશ્યલ મીડિયાના માધ્યમથી વાયરલ થયા છે એ સમાચારો સત્યથી વેગળા છે એટલે નાગરિકોએ આ મેસેજ સંદર્ભે ગેરમાર્ગે ન દોરવાવવા રાજય સરકાર દ્વારા અનુરોધ કરાયો છે. તેમણે ઉમેર્યુ કે,મુખ્યમંત્રી અમૃતમ"મા","મા વાત્સલ્ય " યોજનાના સોફ્ટવેરના અપગ્રેડેશનની કામગીરી ચાલુ હોવાથી આ યોજનાના લાભાર્થીઓને આજ રોજ માટે નાની-મોટી મુશ્કેલી કે વિલંબ થઈ શકે છે.પરંતુ તમામ હોસ્પિટલોને કોઈ પણ દર્દીની સારવારમાં વિલંબ ન થાય તે માટે સૂચના આપી દેવાઈ છે.તેમજ મંજુરી મળવામાં કોઈ પણ મુશ્કેલી કે વિલંબના નિરાકરણ માટે ટીમ કાર્યરત છે જેથી આ અંગે નાગરિકોએ સહેજ પણ ચિતા કરવાની જરૂર નથી.

## ડિસેમ્બરમાં જ શાળા ખોલવા સરકારમાં વિચારણા

કોરોનાના મહામારીને કારણે રાજયય સરકારે નિર્ણય કર્યો છે કે, ગુજરાતમાં દિવાળી સુધી સ્કૂલો ખૂલશે નહીં. દિવાળી બાદ કોરોનાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે અને ત્યાર બાદ સરકાર નિર્ણય કરશે. માહિતી પ્રમાણે, ડિસેમ્બર સુધી શાળાઓ ન ખોલવા સરકાર મક્કમ છે. તજજ્ઞોનાં મત પ્રમાણે, શિયાળામાં કોવિડ ૧૯નું સંક્રમણ વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.



**ગાંધીનગર જિલ્લાની વિવિધ કચેરીમાં અધિકારી- કર્મચારીઓ કોવિડ-૧૯ દરમિયાન ખાસ કાળજી રાખવા અંગેના શપથ લીધા**

ભારત સરકાર દ્વારા કોવિડ- ૧૯ જન આંદોલન અભિયાન તા.૦૭મી ઓકટોબરથી સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ્યું છે. આ જન આંદોલનના ભાગરૂપે ગાંધીનગર જિલ્લામાં આજરોજ જિલ્લા અને તાલુકા કક્ષાની વિવિધ કચેરીમાં કોવિડ – ૧૯ અંતર્ગત સાવચેતી રાખવાની જરૂરી બાબતો સુચારું અમલ કરવા અંગેના શપથ લેવામાં આવ્યા હતા. ગાંધીનગર શહેરમાં કોવિડ – ૧૯ અંતર્ગત તકેદારી રાખવાના જરૂરી પગલા જેવા કે માસ્ક પહેરવું, ૬ ફૂટનું સામાજિક અંતર જાળવવું, રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષ ઉપચાર પધ્ધતિ અપનાવી, નિયમિત યોગ – વ્યાયામ કરવા, જીવન શૈલીમાં સુધારો લાવવો અને ઘરમાં બાળક અને વડીલ વિશેષ કાળજી રાખવા જેવી બાબતના શપથ જિલ્લાની વિવિધ કચેરીના અધિકારી- કર્મચારીઓ દ્વારા લેવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી સહિત અન્ય કચેરીઓમાં પણ આ શપથ અધિકારીઓ – કર્મયોગીઓએ લીધા હતા. તે ઉપરાંત કલોલ, માણસા અને દહેગામ ખાતે વિવિધ સરકારી કચેરી ખાતે પણ શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો.

# સહારાએ પાછલા ૭૫ દિવસોમાં રોકાણકારોને ૩૨૨૬.૦૩ કરોડનું ચુકવણું કર્યાના અહેવાલ

ગાંધીનગર, તા. ૧૫

સહારા ઈન્ડિયા પરિવારે આજે મીડિયામાં જારી કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે લગભગ બેથી અઢી મહિનામાં ગૃપે તેના ૧૦,૧૭,૧૯૪ સભ્યોને રૂ. ૩૨૨૬.૦૩ કરોડ ચૂકવ્યા છે. આ સમયગાળામાં ચૂકવવામાં આવેલી કુલ રકમમાંથી વિલંબિત-ચુકવણી ફરિયાદો કરતા આરોપોની સામે ૨.૧૮ ટકા ચુકવણી કરવામાં આવી છે. વિલંબિત ચુકવણીની ફરિયાદ કરનારાઓ રોકાણકારોની કુલ સંખ્યાના ૦.૦૭ ટકા છે. સહારામાં ભારતના લગભગ ૮ કરોડ રોકાણકારો છે.

સહારાએ છેલ્લા ૧૦ વર્ષમાં ૫,૭૬,૭૭,૩૩૯ રોકાણકારોને રૂ. ૧,૪૦,૧૫૭.૫૧ કરોડ ચુકવ્યાં છે. આમાંથી ફક્ત ૪૦ ટકા કેસ જ ફરીથી રોકાણના છે. બાકીનાને રોકડ ચૂકવવામાં આવી છે.

ગૃપ ચુકવણીમાં વિલંબને સ્વીકારે છે જે મુખ્યત્વે સુપ્રીમ કોર્ટ દ્વારા છેલ્લા ૮ વર્ષથી લગાવાયેલ પ્રતિબંધને કારણે છે. જો કોઈ નાણાં ગૃપની સંપત્તિ વેચવા અથવા મોર્ટગેજીંગ દ્વારા અથવા સંયુક્ત સાહસોથી પેદા થાય છે તો સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર તે સહારા-સેબી ખાતામાં જમા કરાવી પડે છે. સહારાના અધિકારીએ કહ્યું કે અમે એક રૂપિયો પણ સંગઠનાત્મક કાર્ય માટે વાપરી શકતા નથી, રોકાણકારોને ચુકવણી માટે પણ નહીં.

બીજી તરફ સહારાએ આજ દિન સુધી અંદાજે સહારા-સેબીના ખાતામાં વ્યાજ સાથે '૨૨,૦૦૦ કરોડનો જમા કરાવ્યાં છે. જ્યારે દેશભરમાં છેલ્લા વર્ષમાં સેબી દ્વારા ૧૫૪ અખબારોમાં ચાર રાઉન્ડની જાહેરાતો આપવા છતાં સેબીએ રોકાણકારોને ફક્ત રૂ. ૧૦૬.૧૦ કરોડ જ આપ્યાં છે. લગભગ એક વર્ષ પહેલા પ્રકાશિત થયેલી તેની છેલ્લી જાહેરાતમાં સેબીએ સ્પષ્ટ કર્યું હતું કે ત્યારબાદ તે આગળ કોઈ દાવા કરશે નહીં. મતલબ કે સેબી રોકાણકારોને દાવેદાર બાકી નથી. સેબીને વધુ દાવા ન મળ્યાં તેનું એક માત્ર કારણ એ છે કે સહારા ગ્રૂપે પહેલાથી જ તેના રોકાણકારોને ચુકવણી કરી દીધી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ આ રૂ. ૨૨,૦૦૦ કરોડ આખરે યોગ્ય ચકાસણી પછી સહારાને પાછી મળશે.

# નવરાત્રીમાં આરતી માટે પોલીસની મંજૂરી અનિવાર્ય

ગાંધીનગર,તા.૧૫

કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખતા આ વર્ષે ગુજરાતમાં નવરાત્રી દરમિયાન જાહેર અને શેરી ગરબા સહિત કોઈપણ પ્રકારના ગરબા યોજી શકાશે નહીં. નવરાત્રી દરમિયાન સ્થાનિક વહીવટીતંત્રની પૂર્વ મંજૂરી મેળવીને જાહેરમાં ગરબી/મૂર્તિની સ્થાપના, પૂજા અને આરતી કરી શકાશે. પૂજા અને આરતીના કાર્યક્રમ દરમિયાન ૨૦૦ કરતા વધુ લોકો એકત્રિત થઈ શકશે નહીં. તારીખ ૧૭ ઓક્ટોબર, શનિવારના રોજ નવરાત્રીનો તહેવાર શરૂ થઈ રહ્યો છે ત્યારે સોસાયટી-ફ્લેટમાં આરતી માટે પણ પોલીસની મંજૂરી લેવી પડશે. અમદાવાદમાં નવરાત્રીના તહેવાર સંબંધિત પોલીસની સ્પષ્ટતા સામે આવી છે. નવરાત્રીમાં આરતી માટે પોલીસની મંજૂરી લેવી પડશે. એક કલાકની આરતી અને પૂજાના કાર્યક્રમમાં સોસાયટી અને ફ્લેટમાં સોશિયલ ડિસ્ટન્સ રાખવું જરૂરી છે. પ્રસાદની વહેંચણી પેકેટમાં કરવાની રહેશે.

સોસાયટી અને ફ્લેટના પ્લોટની ક્ષમતા પ્રમાણે માણસો ભેગા કરી શકાશે. સરકારે ૨૦૦ લોકોની મંજૂરી આપી છે. જ્યારે કન્ટેઈનમેન્ટ ઝોનમાં આરતી માટે મંજૂરી નહી મળે.સોસાયટી અને ફ્લેટમાં પૂજા અને આરતીના કાર્યક્રમ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને માસ્ક પહેરવા સહિત કોરોનાની અન્ય ગાઈડલાઈન્સનું લોકોએ પાલન કરવાનું રહેશે. દરેક સોસાયટી-ફ્લેટમાં આરતી અને પૂજાના એક કલાકના કાર્યક્રમ માટે પોલીસની મંજૂરી લેવી પડશે. સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી આ પરવાનગી મેળવવાની રહેશે. જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાંથી નવરાત્રીમાં આરતી અને પૂજાના કાર્યક્રમ માટેની પરવાનગી મળી શકશે. જે લોકોએ પરમિશન નથી લીધી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# પાંજરાપોળોને ૫૦ લાખ અને મેડિકલ સામાન અર્પણ કરાયા

ગાંધીનગર,તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે જીવદયા રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગાંધી-સરદાર સાહેબનું ગુજરાત અહિંસાને વરેલું રાજ્ય છે, સાથોસાથ અબોલ પશુજીવો સહિત જીવમાત્રનો વિચાર અને સંવેદનાથી ઈઝ ઓફ લીવીંગ, કરૂણા, પ્રેમ, દયા અને અનુકંપાનું વાતાવરણ રાખવું છે. તમામ જીવોને અભયદાન રાજ્યની ફરજ છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રી રાષ્ટ્રસંત ગુરૂદેવ પૂજ્ય નમ્રમૂનિ મહારાજ સાહેબના ૫૦મા જન્મદિન ઉપલક્ષ્યમાં રાજ્યની નાની-નાની ૫૦ પાંજરાપોળોને મેડીકલ વેટરનીટી, દવાઓ માટે પ્રત્યેકને રૂ. ૧ લાખના ચેક અર્પણ કાર્યક્રમમાં વિડીયો કોન્ફરન્સથી સંબોધન કરી રહ્યા હતા.સમસ્ત મહારાજનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ શાહ સહિત રાજ્યની વિવિધ પાંજરાપોળના ૯ જેટલા અગ્રણીઓ-પ્રતિનિધિઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.મુખ્યમંત્રીએ પ્રતિકરૂપે વિરમગામ અને ભાણવડ પાંજરાપોળના સંચાલકોને રૂ. ૧-૧ લાખના ચેક અર્પણ કર્યા હતા.વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્ય સરકારે જીવદયા અને અબોલ પશુઓની સારવાર-કલ્યાણના અનેક પ્રકલ્પો વેગવાન બનાવ્યા છે. ઘાયલ પશુઓની સારવાર માટે કરૂણા એમ્બ્યુલન્સ અને એનીમલ હેલ્પલાઇન કાર્યરત કરી છે. એટલું જ નહિ, રાજ્યના અંતરિયાળ વિસ્તારોના તાલુકા-ગામોમાં પશુઓને સ્થળ પર સારવાર સુશ્રુષા આપવા ૨૫૦ એમ્બ્યુલન્સ ફરતા પશુદવાખાના તરીકે શરૂ કરી છે. આ મોબાઈલ એનિમલ ડિસ્પેન્સરીનું સંચાલન પણ આપાતકાલ માનવ સેવામાં શ્રેષ્ઠ પૂરવાર થયેલ ૧૦૮ એમ્બ્યુલન્સના સંચાલક GVKને આપ્યું છે.

# સ્ટેચ્યૂ ઑફ યુનિટી આવતીકાલથી ખુલ્લું મૂકાશે

નર્મદા,તા.૧૫

સ્ટેચ્યુ ઑફ યુનિટી તા.૧૭ ઓક્ટોબરથી ફરી ખુલ્લું મુકાશે. કોવિડ-૧૯ ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી. કોવિડ-૧૯ અંતર્ગત સરકારની અનલોક પ્રક્રિયા મુજબ દેશનાં વિવિધ પ્રવાસન સ્થળોને ખુલ્લાં મુકવા અંગે શ્રેણીબધ્ધ નિર્ણય લેવાયેલ છે. આ નિર્ણયના ભાગરૂપે કેવડીયા ખાતે આવેલા મુખ્ય પ્રવાસન સ્થળો જેવાં કે જંગલ સફારી, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક, એકતા મોલ, વિગેરે તાજેતરમાં પ્રવાસીઓ માટે ફરી ખુલ્લાં મુકાતાં પ્રવાસીઓ તરફથી સુંદર પ્રતિસાદ મળ્યો છે. જે જોતાં રાજ્ય સરકારે હવે પ્રવાસીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોતાં હતાં તે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા એવી સ્ટેચ્યુ ઓફ યુનિટીને તા. ૧૭ ઓક્ટોબર શનિવારથીએટલે કે પહેલાં નોરતાથી પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવનાર છે. આ માટે પ્રવાસીઓની સલામતિની પૂરતી કાળજી લેવા કોવિડ-૧૯ ગાઈડલાઈનના ચુસ્ત પાલન અંગેની તમામ વ્યવસ્થા સુનિશ્ચિત કરી દેવામાં આવી છે.

સોશિયલ ડિસ્ટન્સીંગની ચુસ્ત જાળવણી માટે પ્રવાસીઓની સંખ્યાને નિયંત્રિત રાખવાનું જરૂરી બનેલ હોવાથી દરરોજ ૨૫૦૦ પ્રવાસીઓની મર્યાદામાં પ્રવાસીઓને પ્રવેશ અપાશે. જે પૈકી માત્ર ૫૦૦ પ્રવાસીઓને ૧૯૩ મીટરના લેવલ પર આવેલ વ્યુઈંગ ગેલેરીમાં પ્રવેશ આપવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટીકીટો દર બે કલાકના સ્લોટમાં ઓનલાઈન ધોરણે જ અધિકૃત ટીકીટીંગ વેબસાઈટ ઉપરથી મળી શકશે. પ્રવાસીઓને તેમણે જે બે કલાકના સ્લોટની ટીકીટ ખરીદેલ હોય તે જ સ્લોટમાં પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાતમાં પ્રથમ સી-પ્લેન અમદાવાદની સાબરમતીથી કેવડિયાના નર્મદા ડેમ નજીક તળાવ નંબર ૩ ખાતે શરૂ થનાર છે, અને આગામી ૩૧ઑક્ટોબરના રોજ સરદાર પટેલ જયંતીના દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકતા પરેડ યોજનાર છે. આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સી પ્લેનમાં બેસીને ઉદ્દઘાટન કરનાર છે. તો આ સી પ્લેન જે સ્થળે ઉતરવાનું છે, તે તળાવ નંબર ૩ પાસે સીપ્લેન માટેની જેટી બનવવાનું કામ પૂર્ણતાના આરે છે. જે અંગે નર્મદા નિગમ દ્વારા તૈયારી શરૂ કરી દીધી છે.